મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૭.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

# દિવાળીના પર્વો આવ્યા મોંઘવારી લાવ્યા

## કઠોળના ભાવ બમણાં : સામાન્ય પરિવારો મોંઘવારીમાં પીસાયા : પેટ્રોલ, ડીઝલની સાથે દુધ, શાકભાજી સહિતની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ વધ્યા




ગાંધીનગર, તા.૧૭

દિપાવલી પર્વ નજીક આવી રહયા છે. શહેરીજનોએ દિપાવલીના પાવન પર્વની ખરીદીઓ શરૂ કરી દીધી છે. બજારમાં દિપાવલીની ખરીદીનો માહોલ પણ જામ્યો છે. ત્યારે આ દિવાળી પર્વ શહેરીજનો માટે મોંઘુદાટ રહેશે. દરેક જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારો નોંધાયો છે. તહેવારના ટાણે દરેક માનવી નાની-મોટી જરૂરીયાતની ચીજવસ્તુઓની ખરીદી કરે છે ત્યારે આ વર્ષે તો મોંઘવારીએ માઝા મુકી છે.

મગ, અડદ, તલ, તુવેર, દાળ સહિત દૂધ, દહીં, શાકભાજી, રાંધણગેસ સહિતની ચીજોના ભાવ આસમાને પહોંચી જતાં સામાન્ય વર્ગની જનતા માટે જીવન મુશ્કેલીભર્યું બની ગયુંછે તથા જીએસટીના કારણે પણ સામાન્ય પરિવારો મોંઘવારીના સકંજામાં સપડાયા છે. નાગરિકોની જીવવા માટેની પાયાની જરૂરીયાતની તમામ ચીજવસ્તુઓ મોંઘવારીના લપેટમાં આવી ગઈ છે. તેની સામે માથાદીઠ આવક વૃધ્ધિ કે પગાર વધ્યા નથી. સામાન્ય જનતાને ચારેય બાજુ માર પડી રહયો છે. છેલ્લા પાંચ વર્ષના કઠોળના ભાવોમાં ડોકીયુ કરીએ તો ૨૦૧૮માં મગનો ભાવ પ્રતિ કીલો રૂા.૫૫થી ૬૦ હતો જે હવે રૂા.૧૦૦થી ૧૨૦ સુધી વધ્યો છે. ગરીબોની અડદની દાળનો ભાવ વર્ષ ૨૦૧૮માં રૂા.૬૫થી ૭૫ હતો તે હાલ ૧૨૦થી ૧૨૫ રૂપિયા, તુવેરદાળનો ભાવ વર્ષ ૨૦૧૮માં રૂા.૭૫થી ૯૦ હતો તે હાલમાં ૧૨૦ રૂપિયા સુધી તો ઘઉંનો લોટ ૨૭ રૂપિયા કીલો હતો તે હાલમાં ૩૩થી રૂા.૩૫નો બોલાય છે. વનસ્પતિ ઘીનો ભાવ ૧૫ કિલો ડબ્બાના વર્ષ ૨૦૧૮માં રૂા.૧૦૫૦થી રૂા.૧૨૭૦નો હતો. જે હવે ૧૫૨૦ રૂપિયાથી ૧૬૩૦ સુધી પહોંચી ગયો છે. વર્ષ ૨૦૧૮માં ચણાદાળનો ભાવ રૂા.૫૫થી ૬૫ હતો તેના ભાવ સ્થિર છે. દૂધનો ભાવ એક લીટરનો રૂા.૪૦થી રૂા.૫૫નો હતો જે આજે ૬૦થી ૬૨ રૂપિયાએ પહોંચી ગયો છે.

ચાલુ વર્ષ ચૂંટણીનું વર્ષ છે જનતાને મોંઘવારીમાંથી કોઈ રાહત મળી નથી. દિવાળીના દિવસોમાં મોંઘવારીનો માર સામાન્ય પરિવારો માટે અસહય બની રહયો છે.

**જીવન જરૂરીયાતની ચીજવસ્તુના ભાવ**

| ખાદ્યપદાર્થ | ભાવ |
|---|---|
| મગ | રૂા.૧૨૦-૧૨૫ |
| અડદ | રૂા.૧૨૦-૧૨૫ |
| તલ | રૂા.૧૬૦ |
| સિંગદાણા | રૂા.૧૩૦ |
| દૂધ | રૂા.૬૦-૬૨ |
| તુવેરદાળ | રૂા.૧૨૦ |
| વનસ્પતિ ઘી | રૂા.૧૬૩૦ |

## ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક મોટા માર્જિનથી જીતવા માટે ભાજપાની કવાયત



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા.૧૬ ઓકટોબર, રવિવારે ભૈરવનાથ પાર્ટી પ્લોટ રાયસણ ખાતે આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંતર્ગત વિધાનસભા સીટના વ્યવસ્થાપક કમિટીના સભ્યો સાથે અગત્યની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના પ્રભારી જયશ્રીબેન પટેલ, મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીઓ, મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, વ્યવસ્થા ટીમના સભ્યો, બુથ સંગઠનના પદાધિકારીઓ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત બેઠકમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક મોટા અંતરથી જીતવા માટે સુનિયોજિત સંગઠન વ્યવસ્થા સાથે સૌ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને વિવિધ મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૭ વર્ષમાં ભરોસાની ભાજપા સરકારમાં જનકલ્યાણના અનેક કર્યો થયા છે ત્યારે સરકારની ઉત્કૃષ્ટ કામગીરીની સાથે સંગઠનની સુદ્રઢ ભૂમિકા સાથે મોટા અંતરથી બેઠક જીતવા માટે સૌએ નિશ્ચય કર્યો હતો.

## પારસમણિ ફાઉન્ડેશન દ્વારા દિવાળીમાં રંગબેરંગી રંગોળી સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા.૧૭

દિવાળીના ઝળહળતા પર્વને ઉમંગભેર વધાવવા માટે પારસમણિ ફાઉન્ડેશન દ્વારા "રંગબેરંગી રંગોળી" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ચાર વર્ષથી ઘરઘરની રંગોળીની સ્પર્ધા પારસમણિ ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવે છે. રંગોળી સ્પર્ધાનો ઉત્સાહ જોતાં આ વખતે પણ રંગબેરંગી રંગોળી સ્પર્ધાનું આયોજન પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું છે.

નિઃશુલ્ક યોજાનારી "રંગબેરંગી રંગોળી" સ્પર્ધા ચાર વિભાગમાં યોજવામાં આવશે જેમાં આઠ વર્ષથી લઈને ૯૯ વર્ષ સુધીના પરિવારનાં સૌ કોઈ ભાગ લઈ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. વિજેતા સ્પર્ધકને ઈનામ આપીને જાહેરમાં સન્માનિત કરવામાં આવશે. આ સ્પર્ધાની તૈયારી પારસમણિ ફાઉન્ડેશનના કારોબારી સભ્યો ડૉ. પૌલમી પરમાર, લતા શુક્લ, રિદ્ધિ થોરાત અને રૂપિન શાહ સેવા આપી રહ્યાં છે. નિર્ણાયક જે તે સ્પર્ધકના ઘરે જઈને રંગોળીનું પ્રત્યક્ષ અવલોકન કરશે. આ સ્પર્ધાની વિગતવાર માહિતી મેળવવા માટે "રંગબેરંગી રંગોળી સ્પર્ધા" એટલું લખીને મોબાઈલ નંબર ૯૪૨૬૮૮૦૪૦૦ ઉપર વોટ્સેપ મેસેજ કરતાં વધુ વિગતો આપવામાં આવશે એમ પારસમણિ ફાઉન્ડેશનના વાઈસ પ્રેસિડેન્ટ રિદ્ધિ થોરાત દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સરકારી ઈજનેરી કોલેજના દસ વિદ્યાર્થીઓએ ઔદ્યોગિક તાલીમ મેળવી



ગાંધીનગર, તા.૧૭

સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તેઓ જે વિદ્યાશાખામાં અભ્યાસ કરે છે, તે જ વિદ્યાશાખાને લગતી ટેકનિકલ વિષયની તાલીમ ફ્રીમાં મેળવે અને તેમની કૌશલ્ય ક્ષમતામાં વધારો થાય તે હેતુથી, IMPACT યોજના હેઠળ મેટલર્જી ઈજનેરી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ સેક્ટર ૨૮, ગાંધીનગરના ૧૦ વિદ્યાર્થીઓએ CSIR - CGCRI, અમદાવાદ ખાતે પાંચ દિવસીય ઈંડસ્ટ્રિયલ તાલીમ મેળવી, જેમાં તેમણે સિરામિક ટાઈલ્સ મેનુફેક્ચરિંગ અંગેની તાલીમ આપવામાં આવી હતી. તાલીમ અંગેનો ખર્ચ પ્રતિ વિદ્યાર્થી લેખે ૧૧,૮૦૦/-પ્રમાણે ૧,૧૮,૦૦૦/- ફીની રકમ Gujarat Knowledge Society (GKS), ડીટીઈ, ગાંધીનગર દ્વારા ચુકવવામાં આવેલ હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.પંડ્યા અંબાલાલ નાથુરામ ઉ.વ.૬૯, ગિયોડ
- સ્વ.સુથાર હંસાબેન મહેન્દ્રકુમાર ઉ.વ.૫૬, સેકટર-૬
- સ્વ.પટેલ વિઠ્ઠલભાઈ જોઈતાભાઈ ઉ.વ.૮૪, સેકટર-૨૫

● રૂદ્રભૂમિ ●

- સ્વ.નરસિંહમૂર્તિ આર.વી. ઉ.વ.૭૫, કુડાસણ

# દિવાળી માટે ગિફ્ટ હેમ્પરની બોલબાલા

**ઈકો-ફ્રેન્ડલી ગિફ્ટ હેમ્પર ઓન ડિમાન્ડઃ શહેરમાં ગીફ્ટ હેમ્પર તૈયાર કરતા કવિતાબેન કોટક દ્વારા આ વર્ષે પણ આકર્ષક ગીફ્ટ હેમ્પર તૈયાર કર્યા છે**




**ઈકો ફ્રેન્ડલી ગીફ્ટ હેમ્પરની ડિમાન્ડ વધુ**

શહેરીજનો હવે તહેવારોમાં પણ નાની-મોટી ચીજવસ્તુઓની ખરીદીમાં ખૂબ જાગૃત થઈ રહ્યા છે. પર્યાવરણની જાળવણી માટે શહેરીજનો ઈકો ફ્રેન્ડલી ચીજવસ્તુઓની ખરીદી તરફ વળ્યા છે. ત્યારે દિવાળી ગીફટ હેમ્પરમાં પણ ઈકો ફ્રેન્ડલી મોબાઈલ સ્ટેન્ડ, પેન સ્ટેન્ડ, કોડિયા, શુભ-લાભનું લખાણ સહિતની ચીજવસ્તુઓ પોતાના સ્નેહીજનો માટે આ વર્ષે આ પ્રકારના ગીફટ હેમ્પર બનાવડાવી રહ્યા છે. જે ગાયના ગોબરમાંથી તૈયાર કરવામાં આવે છે. જે ઉત્તમ દિવાળી ગીફ્ટ હેમ્પર પણ છે.

ગાંધીનગર, તા. ૧૭

દિવાળી પર્વ આવે એટલે મિત્રોને અને સંબંધીઓને ગિફ્ટ આપવાની પરંપરા છે. સ્વજનો અને મિત્રોને દિવાળીની શુભેચ્છા સાથે મીઠાઈ, ડ્રાયફ્રૂટ્સ, ચોકલેટ, મુખવાસના આકર્ષક પેકિંગ ભેટ સ્વરૂપે આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગરમાં છેલ્લા ૪ વર્ષથી અવનવા ગીફટ હેમ્પર્સ બનાવતા અને સે-૨૨માં રહેતાં કવિતાબેન કોટકે આ વર્ષે પણ આકર્ષક દિવાળી ગીફટ હેમ્પર્સ બનાવ્યા છે. બજારમાં ગીફટ હેમ્પર્સ જોવા મળી રહ્યા છે તેનાથી પણ આકર્ષક દિવાળી ગીફટ હેમ્પર્સ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ચોકલેટ, ડ્રાયફ્રૂટ, ફૂડ, ક્રેકર્સના ગીફટ હેમ્પર્સ આ વર્ષે તૈયાર કર્યા છે. ફૂડ ગીફટ હેમ્પરમાં રેડીમેડ નાસ્તા, કેક, કુકીઝ, કોલ્ડડ્રીંક સહિત ગ્રાહકોની પસંદગીની ચીજવસ્તુઓ ઉમેરીને ગીફટ હેમ્પર તૈયાર કરવામાં આવે છે. ડ્રાયફ્રૂટ ગીફટ હેમ્પરમાં કાજુ, બદામ, મેંગો, કેનબરી ખજૂર, આલમંડ જેવા ડ્રાયફ્રૂટનો ઉપયોગ કરવામાં આવે છે. કાજુમાં પેરી પેરી, રોસ્ટેડ કાજુ, રેડ વેલ્વેટ કાજુ, મસાલા કાજુનો ઉપયોગ કરવામાં આવે છે. ચોકલેટ ગીફટ હેમ્પરમાં હોમમેડ ચોકલેટનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં આ હોમ મેડ ચોકલેટના ભાવમાં આ વર્ષે ૨૦૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. જો કે હોમમેડ ચોકલેટ સૌ કોઈને અત્યંત પસંદ આવે તેટલી સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે. જેના ખરીદીના ઓર્ડર પણ વધારે થઈ રહ્યા છે. આ તમામ દિવાળી ગીફટ હેમ્પરની કિંમત ૧૦૦ રૂપિયાથી ૫૦૦૦ રૂપિયા સુધીની છે. આ સાથે ગ્રાહકોની પસંદ અને ક્વોલિટી મુજબ ભાવ નક્કી થાય છે. દિપાવલીના પાવન પર્વ નિમિત્તે આ વર્ષે કોર્પોરેટ ઓર્ડરો વધુ કરવામાં આવી રહ્યા છે. કંપનીના એમ્પ્લોય માટે ગીફટ હેમ્પરના ઓર્ડર થઈ રહ્યા છે. આ સાથે બેંકના કર્મચારીઓ, સ્કૂલ-કોલેજના સ્ટાફ, ડોક્ટરો પણ સ્ટાફ માટે વિવિધ પ્રકારના ગીફટના ઓર્ડર કરાવી રહ્યા છે. કવિતાબેન કોટકના જણાવ્યા મુજબ નવરાત્રીથી જ વિવિધ પ્રકારના ગીફટ હેમ્પરના ઓર્ડરના બુકિંગ શરૂ થઈ ચૂક્યા છે. તાજેતરમાં ગ્રાહકો દીવડા, રંગોળીના કલર, એલઈડી લાઈટ મુકાવડાવીને ગીફટ હેમ્પર બનાવડાવી રહ્યા છે અને સોશ્યલ મીડીયામાં કે.કે.ચોકલેટ ઈન્સ્ટાગ્રામ પેજમાં પોતાની પ્રોડકટ દ્વારા આકર્ષણ જમાવી રહયા છે.

## જન્મદિને વધામણી



પંથ
નિરજ ઠક્કર



હિના પ્રવિણ રાઠોડ
મો. ૯૪૨૮૯ ૧૮૯૩૬



ભુમિકા અનંત પટેલ



વૈશાલીબેન જોષી



વિવાન
સંકેતભાઈ ઠાકર
મો. ૯૯૭૪૫ ૨૫૪૭૨



પલ્લવી
ભાવેશકુમાર સોલંકી
મો. ૯૪૨૯૨ ૮૨૦૧૮



શિવાની
રાજેશકુમાર ઝાલા
મો. ૯૯૭૯૦ ૦૩૪૧૦



વંશ
ધ્રુવીત દરજી
મો. ૯૪૨૬૫ ૮૩૫૫૯